# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

Ref no. PN 2025-26/139 Dt. 15/09/2025

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## ‘પ્રિવેન્શન ઓફ સેક્સ્યુલ હેરેસમેન્ટ એટ વર્કપ્લેસ’ વિષે અવેરનેસ સેશન યોજાયું

**સુરતઃ** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા મંગળવાર, તા. ૯ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ સાંજે ૫:૩૦ કલાકે સંહતિ, સરસાણા, સુરત ખાતે ‘પ્રિવેન્શન ઓફ સેક્સ્યુલ હેરેસમેન્ટ એટ વર્કપ્લેસ’ વિષે અવેરનેસ સેશન યોજાયું હતું, જેમાં POSH સર્ટિફાઇડ કોર્પોરેટ ટ્રેઇનર મીસ આશુ મનચંદાએ વિસ્તૃત માહિતી આપી હતી.

ચેમ્બર ઓફ કોમર્સના ઉપ પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ સ્વાગત પ્રવચન કરતા જણાવ્યું હતું કે, કર્મચારી અને સંસ્થા સાથે મળીને કાર્યસ્થળે સકારાત્મક વાતાવરણ નિર્માણ કરે છે ત્યારે વ્યવસાયિક પ્રગતિ થાય છે. ચેમ્બર દ્વારા આવા જાગૃતિ સત્રો દ્વારા દરેક વ્યક્તિમાં જવાબદારી અને સમજદારી વધારવાના પ્રયાસ કરાય છે.

POSH સર્ટિફાઇડ કોર્પોરેટ ટ્રેઇનર મીસ આશુ મનચંદાએ જણાવ્યું હતું કે, કાર્યસ્થળે સેક્સ્યુઅલ હેરેસમેન્ટ અટકાવવા માટે વ્યવસ્થિત નીતિ અને કર્મચારીઓમાં જાગૃતિ જરૂરી છે. દરેક કર્મચારીને તેની જવાબદારીઓ સમજવી, યોગ્ય ચેનલ્સ મારફતે ફરિયાદ નોંધાવવી અને સંસ્થા દ્વારા અપાયેલી સુરક્ષા સુનિશ્ચિત કરવી જોઈએ. કાર્યસ્થળે સકારાત્મક અને સુરક્ષિત વાતાવરણ બનાવવું અને નિયમિત તાલીમ દ્વારા જાગૃતિ લાવવી એ કર્મચારીઓ તથા સંસ્થાના વિકાસ માટે આવશ્યક છે. તેમણે કાર્યસ્થળે સેક્સ્યુઅલ હેરેસમેન્ટ, તેના વિવિધ સ્વરૂપો, સંબંધિત કાયદા તથા કંપનીઓ અને કર્મચારીઓની જવાબદારીઓ વિશે વિસ્તૃત માહિતી આપી હતી.

ચેમ્બરના તત્કાલિન પૂર્વ પ્રમુખ શ્રી વિજય મેવાવાલા, માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદી, ગૃપ ચેરમેન ડો. અનિલ સરાવગી અને સભ્યો ઉપસ્થિત રહયા હતા. ચેમ્બરની સ્કીલ ડેવલપમેન્ટ કમિટીના ચેરમેન શ્રી ચિરાગ દેસાઇએ કાર્યક્રમની રૂપરેખા આપી સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. કમિટીના સભ્ય શ્રી રહેમાન ખાને વકતાનો પરિચય આપ્યો હતો. વકતાએ ઉપસ્થિતોના વિવિધ સવાલોના સંતોષકારક જવાબો આપ્યા હતા અને ત્યારબાદ કાર્યક્રમનું સમાપન થયું હતું.